# જર્જરિત પાણીની ટાંકીથી લોકોને જોખમ

**નવસારીના** પારડી (સરપોર)માં ૪૦ વર્ષ જૂની આ ટાંકી છેલ્લા ૧૫ થી ૨૦ વર્ષથી બિનઉપયોગી હાલતમાં

**લાંબા** સમયથી જાળવણીના અભાવે ટાંકીનું માળખું અત્યંત જર્જરિત, ગમે ત્યારે તૂટી પડે તેવી સ્થિતિમાં



નવસારીઃ નવસારી તાલુકાના પારડી (સરપોર) ગામના હાડકી ફળિયા અને મોટા ફળિયા હળપતિવાસ વિસ્તારમાં આવેલી પાણીની ટાંકી હાલ ગ્રામજનો માટે મોટું જોખમ બની ગઈ છે. આશરે ૪૦ વર્ષ જૂની આ ટાંકી છેલ્લા ૧૫ થી ૨૦ વર્ષથી બિનઉપયોગી હાલતમાં છે. હાલમાં તેમાં પાણી ભરાતું નથી. ખાલી હોવા છતાં ટાંકીની રચના નબળી બનતા ગમે ત્યારે તૂટી પડવાની સંભાવના ઉભી થઈ છે, જેના કારણે આસપાસ રહેતા રહીશોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, ગામસભામાં આ મામલે અનેકવાર મૌખિક અને લેખિત રજૂઆતો કરવામાં આવી છે, પરંતુ વહીવટી તંત્ર દ્વારા હજુ સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. રાજ્યમાં અન્ય સ્થળોએ પાણીની ટાંકીઓ તૂટી પડવાની તાજેતરની ઘટનાઓથી ગ્રામજનોમાં ભયનો માહોલ વ્યાપી ગયો છે. ટાંકીની આસપાસ રહેણાંક ઘરો હોવાથી જો અકસ્માત સર્જાય તો મોટી જાનહાનિ થવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

આ ગંભીર સમસ્યાને ધ્યાને લઈ સામાજિક કાર્યકર અમિતભાઈ ઈશ્વરભાઈ સોલંકીએ કલેક્ટરને લેખિત પત્ર પાઠવીને રજૂઆત કરી છે. તેમણે માંગ કરી છે કે કોઈ અઘટિત ઘટના બને તે પહેલાં આ જર્જરિત ટાંકીને સુરક્ષિત રીતે ઉતારી લેવામાં આવે. જો વહીવટી તંત્ર દ્વારા વહેલી તકે નિરાકરણ લાવવામાં નહીં આવે, તો ગ્રામજનોએ આગામી સમયમાં આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારી છે.

# ચીખલીના રેઠવાણીયામાં જુગાર રમતા ૯ ઝડપાયા

**પોલીસે** ૫૯,૧૭૦ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

ઘેજ : ચીખલી પોલીસે રેઠવાણીયા ગામે છાપો મારી જુગાર રમતા ૯ શકુનીઓને ઝડપી પાડી કાર્યવાહી કરી હતી.

ચીખલી પોલીસના સર્વલન્સ સ્ટાફના હે.કો-મહેન્દ્રભાઈ નેભાભાઈ, વિજયભાઈ દેવાયતભાઈ, પો.કો-અલ્પેશભાઈ સાતાભાઈ, જયપાલસિંહ બળવંતસિંહ સહિતનાઓએ બાતમીના આધારે રેઠવાણીયા ખત્રી ફળીયા અલમુરાદની પાછળ રેડ પાડતા જુગાર રમતા ૯ને ઝડપી પાડ્યા હતા.

જેમાં સંજય હરિભાઈ પટેલ, મહેન્દ્ર લાલાભાઈ પટેલ, સુરેશ તુલસીરામ એવલે, સતીશ પટેલ, નવીન પટેલ, જય પટેલ, અશ્વિન નરસિંહભાઈ લાડ, અજય પટેલ (સાતેય રહે. રેઠવાણીયા ખત્રી ફળીયા તા.ચીખલી) તથા અજય પટેલ, રમણ કાનજીભાઈ પટેલ(બન્ને રહે.રેઠવાણીયા)ને કુલ ૫૯,૧૭૦ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી બનાવ અંગેની ફરિયાદ પો.કો-જયપાલસિંહ બળવંતસિંહે કરતા પોલીસે જુગારધારા કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઇ-એચ. એચ.ફળદુ કરી રહ્યા છે.

## ડાંગ આશ્રમશાળાની સગીરા પર દુષ્કર્મ મામલે આહવા સજ્જડ બંધ




ગિરીશ ભોયે

સાપુતારાઃ ડાંગ સ્વરાજ આશ્રમશાળામાં ૧૫ વર્ષીય વિદ્યાર્થિની પર સંસ્થાના મહિલા પ્રમુખના પતિ પ્રફુલ નાયકે આચરેલા દુષ્કર્મની ઘટનાથી સમગ્ર જિલ્લામાં ખળભળાટ મચી ગયો છે. રસોઈણ સોનલબેને સગીરાને નશીલું પીણું પીવડાવી મદદગારી કરી હોવાનું સામે આવતા પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે. આ હીન કૃત્યના વિરોધમાં અને પીડિત બાળકીને ન્યાય અપાવવાની માંગ સાથે વિવિધ સંગઠનો દ્વારા આપવામાં આવેલા ‘આહવા બંધ’ના એલાનને વ્યાપક પ્રતિસાદ મળ્યો છે. નગરના બજારો સ્વયંભૂ સજ્જડ બંધ રહ્યા હતા. રક્ષક જ ભક્ષક બનવાની આ ઘટનાને પગલે આદિવાસી સમાજમાં ભારે આક્રોશ છે. આગેવાનોએ આ કેસ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવી આરોપીઓને કડક સજા કરવાની માંગ કરી છે.

# POCSO કેસમાં સંડોવાયેલા શિક્ષકની પુનઃનિમણૂકથી આક્રોશ

**ડાંગની** આહવા તાલુકાના બરમ્યાવડમાં ગ્રામજનોની શાળાને તાળાબંધીની ચીમકી

**બાળકોની** સુરક્ષાને લઈ વહીવટી તંત્રને આવેદનપત્ર અપાયું



ગિરીશ ભોયે

સાપુતારાઃ ડાંગ જિલ્લાના આહવા તાલુકાના બરમ્યાવડ ગામે એક ગંભીર વિવાદ સર્જાયો છે. વર્ષ ૨૦૨૪માં હોસ્ટેલની બાળકી સાથે દુષ્કર્મ અને POCSO એક્ટ હેઠળ જેલવાસ ભોગવી ચૂકેલા શિક્ષકને ફરી એ જ શાળામાં નિમણૂક આપતા બરમ્યાવડ ગામની પ્રાથમિક શાળામાં ફરી એકવાર વાતાવરણ તંગ બન્યું છે. અને ગ્રામજનો અને વાલીઓમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે.

મધુકર રામજીભાઈ રાઠોડ નામના શિક્ષક વિરુદ્ધ અગાઉ ગંભીર ગુનો નોંધાયો હતો. જોકે, કોર્ટે તેમને નિર્દોષ જાહેર કરતા શિક્ષણ વિભાગ દ્વારા તેમને ફરીથી બરમ્યાવડ પ્રાથમિક શાળામાં ફરજ પર હાજર થવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ નિર્ણયની જાણ થતા જ ગ્રામજનો અને શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) એ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને લેખિત રજૂઆત કરી વિરોધ નોંધાવ્યો છે.

ગ્રામજનોએ આવેદનપત્રમાં શિક્ષક વિરુદ્ધ અનેક આક્ષેપો કર્યા છે જેમાં શિક્ષક અવારનવાર દારૂના નશામાં રહેતા હોવા ઉપરાંત આંકડા-જુગાર જેવી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા છે. ઉપરાંત શાળાની ગ્રાન્ટના કોરા ચેક અને વાઉચર પર સહીઓ કરાવી લેવાની શંકા સાથે તેમના નાણાકીય વ્યવહારો સામે પણ અસંતોષ વ્યક્ત કરાયો છે.

વાલીઓનું માનવું છે કે જે શિક્ષક સામે અગાઉ આવા ગંભીર આરોપો લાગ્યા હોય, તેમની હાજરીમાં બાળકોનું ભવિષ્ય અને સુરક્ષા જોખમમાં મુકાઈ શકે છે.

આક્રોશિત ગ્રામજનોએ ચીમકી ઉચ્ચારી છે કે જો આ શિક્ષકની નિમણૂક તાત્કાલિક રદ કરવામાં નહીં આવે, તો તેઓ પોતાના બાળકોને શાળાએ મોકલવાનું બંધ કરી દેશે. વધુમાં, આવતીકાલથી જ શાળાને તાળાબંધી કરવાની પણ ચેતવણી આપવામાં આવી છે. આ રજૂઆતમાં ગામની ૫૦થી વધુ મહિલાઓ અને પુરુષોએ સહી કરી શિક્ષણ વિભાગ પાસે કડક નિર્ણયની માંગ કરી છે.

### શિક્ષકની બીજી શાળામાં નિમણૂક કરવામાં આવે

બરમ્યાવડ ગામનાં એડવોકેટ ભાગવત ગાયકવાડે જણાવ્યું હતુ કે વર્ષ 2024માં પ્રયોશા પ્રતિષ્ઠાન દ્વારા સંચાલિત બરમ્યાવડની હોસ્ટેલની એક અનાથ બાળકી જોડે મુખ્ય શિક્ષક મધુકર રાઠોડ દ્વારા દુષ્કર્મ આચરેલું હતુ. હાલમાં એજ શાળામાં તેની ફરી નિમણૂક કરવામાં આવી છે. આજે ગ્રામજનોને આ બાબતની જાણ થતાં જ તમામ વિદ્યાર્થીઓને ઘરે લઈ ગયા હતા. ગ્રામજનોની માંગ છે કે આ શિક્ષકને બીજી શાળામાં નિમણૂક કરવામાં આવે.

### શિક્ષણ વિભાગ દ્વારા તેઓની નિમણૂક કરવામાં આવી છે

જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી વિજયભાઈ દેશમુખે જણાવ્યું હતુ કે મધુકર રાઠોડ નિર્દોષ છૂટી આવેલા છે. જેથી ગાંધીનગર કક્ષાએથી શિક્ષણ વિભાગ દ્વારા ફરી તેઓની નિમણૂક પોતાની શાળામાં કરી આપેલી છે.

# નવસારીની સંસ્કાર ભારતી સ્કૂલમાં શૌચાલય મુદ્દે સત્તાનો ટકરાવ

**મહાનગરપાલિકા-**સંચાલક મંડળ સામસામે, DEOની એન્ટ્રીથી વિવાદે લીધો નવો વળાંક

નવસારી : નવસારીની જાણીતી સંસ્કાર ભારતી સ્કુલમાં શૌચાલયના નિર્માણને લઈને ઊભો થયેલો વિવાદ હવે માત્ર વિકાસ કે સુવિધાનો મુદ્દો ન રહી સત્તા, અધિકાર અને કાયદાની હદ સુધી પહોંચી ગયો છે. સ્કુલમાં શૌચાલય બનાવવાની કામગીરી બાબતે નવસારી મહાનગરપાલિકા અને સ્કુલ સંચાલક મંડળ આમને-સામને આવી ગયા છે. મહાનગરપાલિકાના કર્મચારીઓએ કામમાં રૂકાવટ કરવામાં આવી હોવાનો આક્ષેપ કરી વિજલપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા મામલો સત્તાવાર રીતે ગરમાયો હતો.

પરંતુ વિવાદ અહીં અટક્યો નહીં. પ્રકરણમાં વધુ વળાંક ત્યારે આવ્યો જ્યારે નવસારી જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી દ્વારા સ્કુલના પ્રિન્સિપાલ સામે કાર્યવાહી કરવા બાબતે સ્કુલના ટ્રસ્ટી મંડળને પત્ર પાઠવવામાં આવ્યો હતો. આ પત્ર બાદ શિક્ષણ વર્તુળોમાં ખુલ્લેઆમ ચર્ચા શરૂ થઇ છે કે જિલ્લા શિક્ષણ અધિકારી કયા કાયદા હેઠળ અને કઈ સત્તાના આધારે ખાનગી સ્કુલના પ્રિન્સિપાલ સામે કાર્યવાહી કરવા ટ્રસ્ટી મંડળને સૂચના આપી શકે? શું આ વહીવટી સત્તાની મર્યાદામાં આવે છે કે પછી સત્તાનો અતિરેક ગણાય એ મુદ્દે અનેક પ્રશ્નો ઊભા થયા છે.

બીજી તરફ સ્કુલના ટ્રસ્ટી મંડળે જિલ્લા શિક્ષણ અધિકારીએ પાઠવેલા પત્ર સામે કાયદેસરની પ્રક્રિયા શરૂ કરવાની તૈયારી દર્શાવી હોવાનું જાણવા મળે છે. ટ્રસ્ટી મંડળનું માનવું છે કે જો નિયમો અને કાયદાની પરિધિ બહાર જઈ કોઈ દબાણ કે કાર્યવાહી કરવાનો પ્રયાસ થયો હશે તો તેનો યોગ્ય કાનૂની જવાબ આપવામાં આવશે.

### સવાલો યથાવત રહ્યા અને જવાબો ગાયબ

આ સમગ્ર મામલે જિલ્લા શિક્ષણ અધિકારી સાથે ટેલિફોનિક સંપર્ક સાધવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ જિલ્લા શિક્ષણ અધિકારીએ પોતે સતત બેઠકમાં વ્યસ્ત હોવાનું જણાવતાં આ મુદ્દે હાલ કોઈ પણ પ્રકારની ટિપ્પણી કરવાનું ટાળ્યું હતું. પરિણામે, સવાલો યથાવત રહ્યા છે અને જવાબો ગાયબ અને શૌચાલયથી શરૂ થયેલો મુદ્દો હવે સત્તાસંઘર્ષ અને કાયદાકીય લડાઈ તરફ વળતાં નવસારીમાં આ પ્રકરણ ચર્ચાના કેન્દ્રમાં આવી ગયું છે.

# પ્રાંત અધિકારીએ આવેદનપત્ર નહીં સ્વીકારતા મુસ્લિમ સમાજમાં રોષ

**વાંસદામાં** બે કલાકની પ્રતિક્ષા બાદ પણ મુલાકાત નહીં મળતા આગેવાનો અરજી આપ્યા વગર પરત ફર્યા



નિલેશ [illegible]

વાંસદા : ગુજરાતમાં હાલમાં ચાલી રહેલી એસ.આર.આઈ. ની કામગીરીને લઈ વાંસદા મુસ્લિમ સમાજ દ્વારા તા. ૨ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ વાંસદા પ્રાંત અધિકારીને પોતાની સમસ્યા અંગે આવેદનપત્ર આપી રજુઆત કરવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ, પ્રાંત અધિકારી દ્વારા આવેદનપત્ર ન સ્વીકારાતા આક્રોશનો માહોલ જોવા મળ્યો હતો. અને વિલામોઢે પાછા ફરવું પડ્યું હતું.

વાંસદામાં મુસ્લિમ સમાજ દ્વારા SRI ની પ્રક્રિયામાં થઈ રહેલી કથિત ગેરરીતિઓ મુદ્દે પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે, અધિકારીએ મુલાકાત માટે સમય ન ફાળવતા અને આવેદનપત્ર ન સ્વીકારતા સમાજના લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો.

મુસ્લિમ સમાજના આગેવાનોના જણાવ્યા મુજબ, ૧૭૭-વાંસદા વિધાનસભા મતવિસ્તારમાં ડિસેમ્બર ૨૦૨૫માં પ્રસિદ્ધ થયેલી ડ્રાફ્ટ મતદાર યાદીમાં અનેક મતદારોના નામ સામે વાંધા અરજીઓ રજૂ કરવામાં આવી છે. આક્ષેપ છે કે માત્ર એક ચોક્કસ સમાજના મતદારોને લક્ષ્ય બનાવી, પૂરતા પુરાવા વગર ફોર્મ નં-૭ ભરીને તેમના નામ રદ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. આ પ્રક્રિયાને બંધારણીય અધિકાર અને નાગરિકતા છીનવવાનો પ્રયાસ ગણાવવામાં આવ્યો છે.

સ્થાનિકો જૂના ડેપો પાસેથી રેલી સ્વરૂપે નીકળેલા લોકો પ્રાંત કચેરીએ પહોંચ્યા હતા. અંદાજે બે કલાક સુધી કચેરી બહાર બેસી રહ્યા બાદ પણ અધિકારી બહાર ન આવતા માહોલ ગરમાયો હતો, જેને પગલે પોલીસ કાફલો પણ દોડી આવ્યો હતો. અંતે, યોગ્ય પ્રતિસાદ ન મળતા આગેવાનો આવેદનપત્ર આપ્યા વગર જ વિલા મોઢે પરત ફર્યા હતા.



# મતાધિકાર પર સીધો ઘા, લોકશાહી કટઘરામાં

**ફોર્મ**-૭ના નામે વેસ્મા-કાળકાછામાં નામ કાપવાની કવાયત

નવસારી : જલાલપોર તાલુકાના વેસ્મા અને કાળકાછા વિસ્તારમાં મતદારયાદી સુધારણાના નામે જે પ્રક્રિયા ચાલી રહી છે, તે લોકશાહીના મૂળ પર સીધો પ્રહાર ગણાય તેવી સ્થિતિ સર્જાઈ છે.

સ્પેશિયલ સમરી રિવિઝન (SIR) અંતર્ગત ફોર્મ-૭નો ઉપયોગ ખોટા અને અયોગ્ય નામ દૂર કરવા માટે થવો જોઈએ, પરંતુ અહીં તો અનેક મતદારોની જાણ, સંમતિ કે સહી વિના જ તેમના નામ કાપવાની પ્રક્રિયા શરૂ થઈ હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે.

સ્થાનિક ગ્રામજનો અને મતદારો ખુલ્લેઆમ કહી રહ્યા છે કે તેમણે કોઈ ફોર્મ ભર્યું નથી, કોઈ અરજી કરી નથી, છતાં તેમના નામ મતદારયાદીમાંથી કાઢવાની કવાયત ચાલી રહી છે. આ સ્થિતિએ એક ગંભીર સવાલ ઊભો કર્યો છે.

મામલો ગરમાતાં ડેપ્યુટી કલેક્ટરે જણાવ્યું છે કે યોગ્ય ચકાસણી વગર કોઈ મતદારનું નામ દૂર કરવામાં આવશે નહીં અને તમામ ફોર્મ-૭ અરજીઓની બૂથ લેવલ ઓફિસર (BLO) દ્વારા સ્થળ પર જઈ વેરિફિકેશન કરવામાં આવશે. પરંતુ અહીં પ્રશ્ન માત્ર “નામ કપાશે કે નહીં”નો નથી. પ્રશ્ન એ છે કે તપાસ પહેલાં ફોર્મ-૭ આવ્યું ક્યાંથી? જો પ્રક્રિયા નિયમસર હતી, તો લોકોની જાણ બહાર અરજીઓ કેવી રીતે થઈ?

આ ઘટના માત્ર મતદારયાદી સુધારણાની ખામી નથી, પરંતુ લોકશાહીના વિશ્વાસને ઝંઝોડતી ચેતવણી છે. વેસ્મા અને કાળકાછામાં આજે નામ નહીં, પરંતુ મતદારોનો વિશ્વાસ કપાઈ રહ્યો છે અને એ લોકશાહી માટે સૌથી ખતરનાક સંકેત છે.



ગિરીશ ભોયે

# ડાંગ આશ્રમશાળાની સગીરા પર દુષ્કર્મના મામલે મુસ્લિમ સમાજ લાલઘૂમ

**કલેક્ટરને** આવેદનપત્ર પાઠવી આરોપીઓ સામે કડક કાર્યવાહી અને ન્યાયની માંગ કરી

સાપુતારા : ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા સ્થિત ‘ડાંગ સ્વરાજ આશ્રમ’માં ૧૫ વર્ષીય આદિવાસી બાળકી પર થયેલા દુષ્કર્મની ઘટનાએ સમગ્ર જિલ્લામાં ભારે રોષ પેદા કર્યો છે. આ ગંભીર મામલે ડાંગ જિલ્લા મુસ્લિમ સમાજના અગ્રણીઓએ જિલ્લા કલેક્ટર અને પોલીસ અધિક્ષકને આવેદનપત્ર પાઠવી ગુનેગારો સામે કડક કાયદાકીય પગલાં ભરવાની માંગ કરી છે.

મુસ્લિમ સમાજે આ ઘટનાને સામાજિક સુરક્ષા પરનો હુમલો ગણાવતા આરોપીઓ સામે POCSO એક્ટ હેઠળ ઝડપી અને કડક કાર્યવાહી કરવા, આશ્રમના સંચાલકોની જવાબદારી નક્કી કરી તેમની સામે પણ તપાસ કરવા,

પીડિત બાળકીને યોગ્ય ન્યાય, સારવાર અને સુરક્ષા પૂરી પાડવા, જિલ્લાની તમામ આશ્રમશાળાઓમાં સુરક્ષા વ્યવસ્થાની તાત્કાલિક તપાસ કરવા માગ કરી હતી. આગેવાનોએ જણાવ્યું હતું કે, બાળકોના રક્ષણ માટે બનેલી સંસ્થાઓમાં આવી શરમજનક ઘટના બને તે ચિંતાનો વિષય છે. તંત્ર નિષ્પક્ષ તપાસ કરી દાખલારૂપ ન્યાય અપાવે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

# નવસારીમાં ફ્લાવર શો સમાપ્ત પણ ગાર્ડનમાં લોકોની ભીડ યથાવત્

**હરિયાળીની** દીવાનગી ચઢીઃ લુન્સીકૂઇ ગાર્ડનમાં છોડ લેવા નાગરિકોની અભૂતપૂર્વ ભીડ



નવસારી : નવસારી મહાનગરપાલિકા દ્વારા લુન્સીકૂઈ ગાર્ડન ખાતે આયોજિત સાત દિવસીય ફ્લાવર શો ભલે સમાપ્ત થયો હોય, પરંતુ તેની રંગત અને અસર હજી પણ યથાવત જોવા મળી રહી છે. શોમાં પ્રદર્શિત થયેલા રંગબેરંગી ફૂલોના છોડ પોતાના ઘરઆંગણે લાવવાની ઈચ્છાએ નાગરિકોને લુન્સીકૂઈ ગાર્ડન તરફ ખેંચ્યા હતા. પરિણામે શો પૂર્ણ થયા બાદ પણ ગાર્ડનમાં લોકોની ભારે ભીડ ઉમટી પડી હતી.

સવારથી જ છોડ લેવા ઈચ્છુક નાગરિકોની લાંબી કતારો જોવા મળતાં ભીડ નિયંત્રિત કરવા માટે મહાનગરપાલિકાને ગેટ પર વધારાનો સ્ટાફ તૈનાત કરવો પડ્યો હતો. સમગ્ર લુન્સીકૂઈ ગાર્ડન અને આસપાસનો વિસ્તાર જાણે હરિયાળીના મેળામાં ફેરવાઈ ગયો હોય એવો માહોલ સર્જાયો હતો. ફ્લાવર શોમાં અંદાજે ૨૫ જેટલી અલગ-અલગ જાતિના ફૂલોના છોડ પ્રદર્શન અને વિતરણ માટે મુકવામાં આવતા, નાગરિકોમાં તેને લઈને ખાસ્સો ઉત્સાહ જોવા મળ્યો હતો.

મહાનગરપાલિકા દ્વારા જણાવાયું હતું કે ફ્લાવર શોની પૂર્ણાહુતિ બાદ શોમાં ઉપયોગમાં લેવાયેલા વિવિધ પ્રકારના ફૂલોના છોડ નાગરિકોને ખૂબ જ નજીવા દરે ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યા છે. એક છોડ રૂપિયા ૧૦માં, ૯ છોડ રૂપિયા ૫૦માં, ૨૪ છોડ રૂપિયા ૧૦૦માં અને ૪૨ છોડ રૂપિયા ૨૦૦માં લુન્સીકૂઈ ગાર્ડન ખાતેથી મેળવી શકાય છે. આ વિતરણ કાર્યક્રમ આગામી બે થી ત્રણ દિવસ સુધી ચાલુ રહેશે. ફ્લાવર શો બાદ પણ નાગરિકોમાં દેખાતો ઉત્સાહ એ સ્પષ્ટ કરે છે કે નવસારી હવે માત્ર શહેર નહીં, પરંતુ હરિયાળી, પર્યાવરણપ્રેમ અને જાગૃત નાગરિકત્વનું જીવંત પ્રતિક બની રહ્યું છે.

## પારડીમાં પત્નીના નગ્ન ફોટા એડિટ કરી વાયરલ કરનાર પતિ સામે ગુનો દાખલ

પારડી : પારડી તાલુકાના મોટીવાડા ગામે પિયરમાં રહેતી એક મહિલાના ફોટા સાથે ચેડાં કરી, તેને સોશિયલ મીડિયા પર વાયરલ કરનાર તેના બીજા પતિ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આ ઘટનાની વિગત મુજબ, મહિલાએ ઈન્સ્ટાગ્રામ પર મિત્રતા થયા બાદ મહારાષ્ટ્રના કલ્યાણ ખાતે રહેતા સિદ્ધાર્થ સુખદેવ લાંડગે સાથે બીજા લગ્ન કર્યા હતા. જોકે, લગ્નજીવનમાં ત્રાસ મળતા મહિલા છેલ્લા એક વર્ષથી પોતાના બે સંતાનો સાથે પિયર પરત ફરી હતી અને નોકરી કરીને ગુજરાન ચલાવતી હતી.

આ બાબતનો ખાર રાખી, પતિ સિદ્ધાર્થે પત્નીના ચહેરાનો ઉપયોગ કરી કોઈ અન્ય નગ્ન મહિલાના શરીર પર ફોટો એડિટ કર્યો હતો. આ બીભત્સ ફોટા પર અશ્લીલ લખાણ લખી તેણે મહિલાના સગા-સંબંધીઓના વોટ્સએપ નંબર પર વાયરલ કરી દીધા હતા. પોતાની સામાજિક બદનામી થતા આખરે મહિલાએ પારડી પોલીસ મથકે નરાધમ પતિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે આઈ.ટી. એક્ટ હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કર્યા છે.

# વાપી ઉદ્યોગનગરના માથાભારે બે ભાઈ 4 જિલ્લામાંથી તડીપાર

**એક** ભાઇ સામે 8 જ્યારે બીજા ભાઇ સામે 11 ગુનાઓ વિવિધ કલમો હેઠળ નોંધાયા છે

વાપી : વાપી ટાઉન, ડુંગરા અને વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં નોંધાયેલા ગુનામાં માથાભારે બંને ભાઈઓને 4 જિલ્લાઓમાંથી તડીપાર કરવામાં આવ્યા હતાં.

સુરત રેન્જના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીરસિંહ તથા વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાની સૂચના અને વાપી નાયબ પોલીસ અધિક્ષક બી.એન. દવેના માર્ગદર્શન હેઠળ વાપી ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનના પીઆઈ અમીરાજસિંહને આપવામાં આવેલી સૂચના અનુસાર પોલીસ મથક હદ વિસ્તારમાં રહેતા બે માથાભારે ઇસમો સામે તડીપારની કાર્યવાહી કરવામાં આવી છે.

જેમાં પંકજ પ્રભુનાથ દુબે (ઉં.30) અને પવન ઉર્ફે છોટુ પ્રભુનાથ દુબે (ઉં. 28, બંને, રહે. ન્યુ ગુજરાત હાઉસીંગ બોર્ડ, ગુંજન-વાપી) મારામારી, દારૂ તેમજ અન્ય ગુનાહિત પ્રવૃત્તિઓમાં વારંવાર સંડોવાયેલા હતા. અને કાયદો-વ્યવસ્થાને પડકાર ઊભો થતો હતો. આ બાબતને ગંભીરતાથી લઈ વાપી ઉદ્યોગનગર પોલીસે તેમની વિરુદ્ધ તડીપારની દરખાસ્ત તૈયાર કરી કોર્ટમાં રજૂ કરી હતી. કોર્ટ દ્વારા તડીપારનો હુકમ મળતા પોલીસ દ્વારા બંને આરોપીઓને વલસાડ, સુરત, નવસારી અને ડાંગ જિલ્લાઓમાંથી તડીપાર કરવામાં આવ્યા છે. પંકજ દુબે સામે 8 જ્યારે પવન દુબે સામે 11 ગુનાઓ નોંધાયેલા છે.